મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૪ ટકા

ગાંધીનગર તાપમાન

# રાંધણ છઠ્ઠની પૂર્વ સંધ્યાએ શાકભાજીના ભાવમા ભડકો

ગાંધીનગર, તા.૩૧ રાંધણછઠ્ઠની પૂર્વ સંધ્યાએ શાકભાજીના ભાવમાં ભડકો જોવા મળ્યો છે. શહેરમાં રાતો-રાત શાકભાજીના ભાવ બમણા થઈ ગયા છે. તહેવારોની મૌસમમાં ભાવ વધારાને પગલે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. ત્યારે કિલોએ રૂ.૩૦ થી ૪૦ માં વેચાણ થતું શાકભાજીના ભાવ બમણા જોવા મળ્યા હતા. જયારે કંકોડા રૂ.૧૬૦, ગવાર-૧૨૦, પરવર-૧૨૦, અડવીના પાનની કિલોના રૂ.૬૦ ની આસપાસ રહેતા ગૃહિણીઓને કયા શાકભાજીની ખરીદી કરવી તેની મથામણ કરતા નજરે પડતા હતા. રાંધણછઠ્ઠના પગલે શહેરના શાકમાર્કેટમાં ભાવ આસમાને પહોંચતા તહેવારોમાં બનાવેલા શાકનો સ્વાદ પણ ફીક્કો લાગી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી શાકભાજીના ભાવમાં વધઘટ જોવા મળી રહી છે. ચોમાસાને પગલે શાકભાજીની ઓછી આવકને પગલે શાકના બજારમાં તેજી જોવા મળે છે. ગાંધીનગર શહેરમાં આસપાસના તાલુકા અને જિલ્લામાંથી શાકભાજી આવે છે. ઓછા વરસાદને પગલે શાકભાજીને અછત વર્તાઈ રહી છે. બજારમાં માંગ કરતા શાકની આવક ઓછી હોવાથી ભાવમાં વધારો જોવા મળે છે. છેલ્લા ઘણા સમયથી શહેરના શાકમાર્કેટમાં શાકના ભાવમાં સ્થિરતા જોવા મળી હતી. પરંતુ શ્રાવણ માસ અને તહેવારોની મૌસમ ખીલતા શાકના વેપારીઓને બખ્ખા થઈ ગયા છે. શહેરના સેકટર-૭, ૨૧ અને સે-૨૪ ના બજારમાં કિલોએ રૂ. ૩૦ થી ૪૦ ના ભાવે મોટાભાગનું શાક વેચાણ થતું હતું. પરંતુ રાંધણ છઠ્ઠના તહેવારને પગલે શાકમાર્કેટમાં શાકના ભાવ પર નજર કરીએ તો ગવાર-૧૨૦, કંકોડા-૧૬૦, કારેલા-૪૦, ટામેટા-૪૦, ભીંડા-૪૦, રીંગણ-૪૦, રવૈયા-૪૦, મરચા-૬૦, સુરણ-૮૦, આદુ-૧૨૦, ચોળી-૮૦, ગલકા-૪૦, તુરીયા-૬૦, દુધી-૪૦, બટાકા-૨૫, ડુંગળી-૨૦ તેમજ અડવીના પાન-૬૦ ના ભાવે વેચાણ થતુ હતું. ભાવ વધારાને પગલે ગૃહિણીઓના રસોડાનું બજેટ ખોરવાઈ જવા પામ્યું હતું. ત્યારે બહેનો પણ કયું શાક ખરીદવું તેની મથામણ કરતી નજરે પડી હતી. જયારે તહેવારમાં શાકના ભાવ વધતા શાકનો સ્વાદ પણ નગરજનોને ફીક્કો લાગશે.






# કારમાં લાગેલી ડાર્ક ફિલ્મ હટાવવાની ઝુંબેશ યથાવત

**૭૫થી વધુ ગાડીઓની ડાર્ક ફિલ્મ ઉતારી ચાલકોને દંડ ફટકારાયો : બીજી તરફ આડેધડ પાર્ક થયેલા ૮૦ વાહનો ટોઈંગ કરાયા**

ગાંધીનગર, તા. ૩૧ ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લા પોલીસને કારમાંથી ડાર્ક ફિલ્મ હટાવવાની ઝુંબેશ શરૂ કરવા કડક આદેશ અપાયા છે ત્યારે ગઈ કાલે પણ ટ્રાફિક પોલીસ દ્વારા શહેરમાંથી પસાર થતી ૭૫થી વધુ ગાડીઓમાથી ડાર્ક ફિલ્મ હટાવી ચાલકો પાસેથી દંડ વસૂલવામાં આવ્યો હતો. તો બીજી તરફ આડેધડ પાર્કિંગ થતાં ટુ વ્હીલરને ટોઈંગ કરવાની ઝુંબેશ પણ ટ્રાફિક પોલીસ દ્વારા ચાલુ રાખવામાં આવી છે. કાલે ઘ-માર્ગ અને સેકટર-૧૧ કોમર્શિયલ કોમ્પ્લેક્સ આસપાસથી ૮૦ વાહનો ટોઈંગ કરી તેના ચાલક પાસેથી દંડની વસૂલાત કરવામાં આવી હતી.



જિલ્લા પોલીસ અધિક્ષકે ગાંધીનગર અને કલોલ ડિવિઝનની ટીમ ઉપરાંત જિલ્લાના તમામ પોલીસ મથકના ઈન્ચાર્જ અને એલસીબી એસઓજી તથા ટ્રાફિક પોલીસને આજથી જ ફોર વ્હિલર વાહનો પર લાગેલી ડાર્ક ફિલ્મ હટાવવાની ડ્રાઈવ કડકપણે શરૂ કરવા આદેશ આપ્યા હતા. આ ડ્રાઈવ હજુ યથાવત છે. ટ્રાફિક પી.આઈ બી.જે.વ્યાસ ના જણાવ્યા મુજબ આ ઝૂંબેશ અંતર્ગત ગઈ કાલે તેમની ટીમ દ્વારા ૭૫થી વધુ વાહનો માંથી ડાર્ક ફિલ્મ હટાવીને રૂપિયા ૮ હજારથી વધુ રકમનો દંડ વસૂલ્યો હતો. તો બીજી તરફ શહેરમાં આડેધડ પાર્કિંગ થયેલા વાહનો પર પણ તવાઈ ચાલુ રાખવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગ ગણાતા ઘ-માર્ગ પર આડેધડ પાર્ક થયેલાં તેમજ સેકટર-૧૧ કોમર્શિયલ કોમ્પ્લેક્સ આસપાસ આડેધડ પાર્ક થયેલાં ૮૦ જેટલા વાહનો ટોઈંગ કરીને તેમની પાસેથી અંદાજે ૯ હજારનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

# આહીર સમાજના તેજસ્વી તારલાઓનો ૨૦ મો વાર્ષિક સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૩૧ આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર આહીર સમાજનો ૨૦ મો વિદ્યાર્થી સન્માન સમારંભ તા.૨૩મી સપ્ટેમ્બર, રવિવારના રોજ ટાઉન હોલ ખાતે યોજાનાર છે. આ માટે ગાંધીનગરમાં વસવાટ/ અભ્યાસ કરતાં આહીર સમાજના વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટની ઝેરોક્ષ નકલની પાછળ પુરું નામ-સરનામું તથા મોબાઈલ નંબર લખીને તા.૧૨મી સપ્ટેમ્બર ૨૦૧૮ સુધીમાં આહીર વિદ્યાર્થી ભવન, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે રાખેલ ડ્રોપ-બોક્ષમાં પહોંચાડવાની રહેશે. ૨૦૧૭-૧૮ ના શૈક્ષણિક વર્ષમાં જે વિદ્યાર્થીએ ગાંધીનગરમાં અભ્યાસ/ વસવાટ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓની માર્કશીટ જ મોકલવાની રહેશે.

આહીર સમાજના જે પરિવારો ગાંધીનગરમાં નવા આવ્યા હોય તેમણે તેમની વિગતો નીતિનભાઈ ભાટીયા મો.૯૮૨૫૨-૧૩૪૨૪ અથવા લખુભાઈ જોગલ મો.૯૯૭૮૪-૦૭૫૬૦ ને તુરત જ પહોંચાડવા સંસ્થાએ અપીલ કરી છે.

ગાંધીનગર આહીર સમાજના કોઈ પણ સભ્યને નવી નિમણુંક-પસંદગી-પ્રમોશન કે નિવૃત્તિ માટે લખુભાઈ જોગલ, મો.૯૯૭૮૪-૦૭૫૬૦, અશ્વિનભાઈ જાટીયા, મો.૯૮૨૪૬-૩૯૩૭૫ અથવા જશુભાઈ કવાડ, મો.૯૯૨૪૦-૯૯૨૭૩ ને જરૂરી વિગતો તા.૧૨.૯.૨૦૧૮ સુધીમાં પહોંચાડવાની રહેશે.

# કિશોરને લાફો ઝીંકીને સોનાનો ચેઈન લુંટી લેનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૩૧ ત્રણ દિવસ પહેલા સેક્ટર-૨૮ની શોપિંગ નજીક એક શખ્સે સાઈકલ લઈને ટ્યુશનથી ઘરે જતા એક કિશોરને ઉભો રખાવી લાફો ઝીંકી દીધો હતો અને તેણે પહેરેલો સોનાનો ચેઈન લૂંટી લઈને ભગાડી મૂક્યો હતો. સેક્ટર-૨૧ પોલીસ મથકમાં લૂંટનો ભોગ બનેલા કિશોરના પિતાએ સે-૨૪ના શખ્સ સામે ગુનો દાખલ કરાવ્યો હતો. એલસીબીની ટીમે આ લુંટારુ શખ્સને સે-૨૮ના બગીચા પાસેથી દબોચી લઈ લુંટમાં ગયેલી ચેઈન રિકવર કરી લીધી છે.




ગાંધીનગર શહેરના સેક્ટર-૨૯ ખાતે આવેલા પ્લોટ નંબર ૪૯૦/૧માં રહેતા આસિફભાઈ અબ્દુલભાઈ વોરાનો દીકરો સમર ૨૮ ઓગસ્ટે સાંજના સવા છ વાગ્યાના અરસામાં સાઈકલ લઈને ટ્યુશનથી ઘરે જવા નિકળ્યો હતો. તે સેક્ટર-૨૮ શોપિંગ પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેની સાથે લુંટનો બનાવ બન્યો હતો. સેક્ટર-૨૪માં રહેતા અજય ડોન ઉર્ફે અજયસિંહ બાબુસિંહ ગોહિલ નામના શખ્સે સાયકલ લઈને પસાર થઈ રહેલાં સમરને ઉભો રખાવી દીધો હતો અને સમરને લાફો ઝીંકીને તેણે પહેરેલો રૂપિયા ૨૬ હજારની કિંમતનો એક તોલા વજનનો સોનાનો દોરો લૂંટી લીધો હતો. સોનાના દોરાની લૂંટ ચલાવી સાઈકલ ચાલક સમરને ત્યાંથી તગેડી મૂક્યો હતો. ગભરાઈ ગયેલા સમરે ઘરે જઈને તેના પિતાને આ સમગ્ર ઘટના અંગે જાણ કરી હતી. ડરના માર્યા તેણે પોલીસ ફરિયાદ પણ આપી ન હતી. આખરે તેના પિતાએ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં જઈને અજય સામે ફરિયાદ આપતા પોલીસે લુંટનો ગુનો દાખલ કર્યો હતો. ગાંધીનગર એલસીબી પી.આઈ તરલ ભટ્ટની ટીમે બાતમીના આધારે સેક્ટર-૨૮ના બગીચા પાસેથી લુંટારૂ શખ્સ અજય ગોહિલને પકડી પાડયો છે. સેક્ટર-૨૪ ડબલડેકર પતંજલિ સ્ટોરની ઉપર રહેતો અજય ગોહિલ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને અગાઉ પણ તેની સામે મારામારી તથા દારુ સંબંધિત ગુનાઓ નોંધાયેલા છે. એલસીબીની ટીમે આરોપીની ધરપકડ કરી લૂંટમાં ગયેલો સોનાનો દોરો રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




આજ રોજ મેજીક હેટ સ્કુલમાં જન્માષ્ટમીનો તહેવાર ઉજવાયો હતો. તેમાં બાળકોએ વિવિધ વેશભૂષામાં દેવકી, વાસુદેવ, યશોદા, નંદલાલ, ક્રિષ્ના, રાધા બની પાત્રોને જીવંત કર્યા હતા. કૃષ્ણએ અર્જુનને ગીતા ઉપદેશ આપ્યો હતો. કૃષ્ણલીલામાં બાળગોપાલે મટકી ફોડી અનેક લીલાઓ કરી હતી. સમગ્ર શાળાનું વાતાવરણ 'નંદ ઘેર આનંદ ભયો' ના નાદથી ગુંજી ઉઠયું હતું.

## જલારામ સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તા.૯-૦૯-૨૦૧૮ને રવિવારે બપોરે ૩.૦૦ કલાકે ચતવાણી હોલ જલારામ મંદિર સેકટર-૨૯ ખાતે રાખવામાં આવેલ છે તો સમાજના સભ્યાને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

## કિડની દર્દી કલ્યાણ ઉત્સવ અંતર્ગત દર્દીઓને નાસ્તાનું વિતરણ

ગાંધીનગર, તા.૩૧ જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ ડૉ. એચ.એલ. ત્રિવેદીના ૮૭મા જન્મોત્સવ નિમિત્તે 'કિડની દર્દી કલ્યાણ ઉત્સવ'ના સંદર્ભના આજ રોજ કિડની હોસ્પિટલ અમદાવાદના તમામ દર્દીઓને મંજુરી અનુસાર ગાંઠિયા તથા શુધ્ધ દેશી ઘીના બુંદીના લાડુનો નાસ્તો સંસ્થા દ્વારા આપવામાં આવ્યો હતો. જેમાં કુલ ૬૦૦ દર્દીઓને નાસ્તાનું વિતરણ કરાયું હતું. આ સેવા કાર્યમાં જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ પરિવારના તમામ કાર્યકરો જોડાયા હતા તેમજ કિડની હોસ્પિટલના સ્ટાફ મિત્રોનો પણ સહકાર સાંપડયો હતો.

# આજથી ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય પોષણ માસનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩૧ સમગ્ર દેશમાં સપ્ટેમ્બર, ૨૦૧૮ માસ દરમ્યાન જન આંદોલન સ્વરૂપે રાષ્ટ્રીય પોષણ માસ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાએ પત્રકાર પરિષદમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં સપ્ટેમ્બર માસ દરમ્યાન જિલ્લા, તાલુકા અને ઘટક કક્ષાએ અલગ અલગ દિવસોએ પોષણ અભિયાનની સઘન ઝુંબેશ હાથ ધરાશે. આ માટે પ્રથમ વખત મહિલા બાળ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શિક્ષણ, આદિજાતિ વિકાસ, શહેરી વિકાસ, ગ્રામ વિકાસ અને પંચાયત સહિતના વિવિધ વિભાગો એક બીજાના સંકલનમાં રહીને સમગ્ર માસ દરમ્યાન પોષણ સંબંધિત સીમા ચિહ્ન રૂપ કામગીરી હાથ ધરશે. સહી પોષણ... દેશ રોશનના નારા સાથે જન આંદોલન દ્વારા સફળતા પૂર્વક પોષણ માસની ઉજવણી દ્વારા કુપોષણને દેશવટો આપવાની સરકારની નેમ છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયાએ પત્રકારો અને ઉપસ્થિત અધિકારીઓને પોષણનો સંદેશ પ્રત્યેક ઘર સુધી પહોંચે અને સંપૂણ સફળતા પ્રાપ્ત થાય તે માટે શપથ લેવડાવ્યા હતા. તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરી રાષ્ટ્રીય પોષણ અભિયાન કાર્યક્રમનો સવારના ૧૦.૩૦ કલાકે જિલ્લા પંચાયતના હોલમાં પ્રારંભ કરાવશે.

# વાહન ચોર પાસેથી કાર ખરીદનાર ભંગારી પોલીસના સકંજામાં

**ત્રિમંદિર પાસેથી સાત વાહનો ચોરી જનાર રીઢા વાહનચોર પાસેથી પાટણના ભંગારીએ કાર લીધી હતી**

ગાંધીનગર, તા. ૩૧ અડાલજ નજીક આવેલા ત્રિમંદિરના પાર્કિંગમાંથી છેલ્લા ઘણા સમયથી વાહનો ચોરી થવાની ફરિયાદો ખૂબ વધી ગઈ હતી ત્યારે અડાલજ પોલીસે વોચ ગોઠવીને એક અલ્ટો કારના ચાલકને પકડી પાડ્યો હતો. પાટણના આ શખ્સની ઊંડી પૂછપરછ કરતા તેણે છેલ્લા બે વર્ષમાં ત્રિમંદિરના પાર્કિંગ આસપાસથી છ ગાડીઓ અને એક એકટીવા મળી સાત વાહનો ચોર્યા હોવાની સનસની કબૂલાત કરી હતી. અડાલજ પોલીસે ચોરીના પાંચ વાહનો તથા તેના સ્પેર પાર્ટસ રિકવર કરી રીઢા વાહનચોરની ધરપકડ કરી હતી. તેની વધુ પૂછપરછમાં પાટણનાં એક ભંગારીએ ચોરીની કાર લીધી હોવાનુ ખુલતા પોલીસે આ ભંગારીની પણ ધરપકડ કરી લીધી છે.

અડાલજ પીઆઈ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમના પીએસઆઈ એ.જી એનૂરકાર તથા સ્ટાફના એ.એસ.આઈ જીતેન્દ્રભાઈ, નિલેશભાઈ, હેડ કોન્સ્ટેબલ અમૃતભાઈ, કેવલસિંહ અને કોન્સ્ટેબલ જયરાજસિંહ, મનિષસિંહ સહિતની ટીમે પાટણના કિમ્બુવા ગામના પ્રજાપતિ વાસ માં રહેતા જયંતિ સોમા પ્રજાપતિ નામના શખ્સને પકડી પાડ્યો હતો. તેને પકડીને સઘન પૂછપરછ કરતા તે જે ગાડી લઈને આવ્યો હતો તે અલ્ટો ગાડી તેણે તાજેતરમાં જ ત્રિમંદિર પાસેથી ચોરી હોવાની કબૂલાત કરી હતી. અડાલજ પોલીસની ટીમે તેની કડક રીતે પૂછપરછ કરતા આ શખ્સ રીઢો વાહનચોર હોવાનું ખુલ્યું હતુ. બે વર્ષથી આ શખ્સ ત્રિમંદિર પાસેથી વાહનો ચોરતો હતો. તેણે ત્રિમંદિર આસપાસથી અત્યાર સુધીમાં બે મારૂતિ ઝેન, બે મારૂતિ ફ્રન્ટી, એક એસ્ટીમ અને એક અલ્ટોગાડી ઉપરાંત એક એકટીવા પણ ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. પોલીસે ચોરીના પાંચ વાહનો અને તેના સ્પેરપાર્ટ્સ રિકવર કર્યા છે. આ રીઢા વાહનચોરે પાટણના એક ભંગારી રામુ મંગા પટણીને ચોરીની કાર આપી હોવાનું ખુલતા પોલીસે આ ભંગારીને પણ પકડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચક્ષુદાન

સ્વ. પરબતભાઈ જી. દેસાઈ ઉ.વ. ૮૪ રહે. પ્લોટ નં. ૧૩૮૭/૧, સે-૩બીનું અવસાન થતા તેઓના કુટુંબીજન રજનીકાંત દેસાઈની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે.

સદર કાર્યમાં તબીબી સેવા ડૉ. મેઘા પટેલ તેમજ જુસીકાના કાર્યકર વિરેન બ્રહ્મભટ્ટ તથા ગણપત મકવાણાએ પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાન ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિનેશ દવે તથા ગણપત મકવાણાએ કર્યું હતું.





૪૨મી બીએસએફ ઈન્ટર ફ્રન્ટીયર રેસલીંગ કલ્સટર-૨૦૧૮નું આયોજન તા. ૨૭મી ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ સુધી સ્પોર્ટસ કોમ્પલેક્ષ બીએસએફ ગાંધીનગર ખાતે કરાયું હતું. જેમાં પૂર્વ અને પશ્ચિમ ફ્રન્ટીયરના મળી કુલ ૮૯૦ ખેલાડીઓએ રેસલીંગ, બોકિંસગ, કબડ્ડી, વેઈટ લીફટીંગ જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. આજે ૪૧મી બીએસએફ ઈન્ટર ફ્રન્ટીયર રેસલીંગ કલ્સટર-૨૦૧૮નો સમાપન અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ફ્રન્ટીયર એચકયુ આઈ.પી.એસ. ગુજરાતના જી.એસ. મલિકના હસ્તે વિજેતાઓને ટ્રોફી તેમજ પ્રશસ્તિપત્રો અપાયા હતા. આ પ્રસંગે ઓમલેન્ડ માર્ક સ્કુલની બાળાઓ અને એપોલો સ્કુલની બાળાઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. રાણા જીવુબા પાથુજી, ઉ.વ. ૯૫
- સ્વ. પ્રજાપતિ હર્ષદભાઈ ચમનભાઈ, ઉ.વ. ૪૭
- સ્વ. ઠાકોર કમલેશ દશરથભાઈ, ઉ.વ. ૩૧